# જિલ્લામાં અર્બુદા સેનાની એન્ટ્રીથી ભાજપ-કોંગ્રેસના આગેવાનોની ઉંઘ હરામ

## ૫ બેઠકો પર રાજકીય પક્ષોનું ગણિત ઉંધુ વાળે તેવી સંભાવના

હિંમતનગર, તા.૩૦

વિધાનસભાની ચુંટણીના નગારા વાગી રહ્યા છે ત્યારે રાજયના પૂર્વ ગૃહમંત્રીની આગેવાની હેઠળ રચાયેલી અર્બુદા સેનાના એકપછી એક તાલુકા મથકે સંમેલન યોજાતાં ભાજપ-કોંગ્રેસના આગેવાનોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો પૈકી ૫ બેઠકો ઉપર અર્બુદાસેના ધારે તો ગમે તે રાજકીય પક્ષનું ગણિત ઉંધુ વાળે તેવી દહેશત રાજકીય પક્ષોને સતાવી રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના આંજણા પાટીદાર સમાજના આગેવાનો ભાજપ-કોંગ્રેસમાં સામેલ થયા પછી પોતાના સમાજનું હિત જોવાના બદલે પોતાનું હિત જોતા થઈ જતાં રાજકીય રીતે પરીપક્વ આંજણા પાટીદાર સમાજ હોંસિયામાં ધકેલાઈ ગયો છે અને હવે સ્થિતિ એ આવી છે કે સમાજને થતાં



અન્યાય અંગે રજુઆત કરવી હોય તો સમાજના કયા આગેવાનને લઈને ગાંધીનગર જવું? આવી સ્થિતિમાં છેલ્લા એક પખવાડિયાથી ગુજરાત અર્બુદા સેનાના નેજા હેઠળ સમાજની વસ્તી ધરાવતા વિસ્તારોમાં સંમેલન યોજાઈ રહ્યા છે. જિલ્લાના ઈડર, ધનસુરા, હિંમતનગર સહિતના વિસ્તારોમાં અર્બુદાસેનાના સંમેલનમાં જનમેદની ઉમટી અને તેની સીધી અસર રાજકીય પક્ષો ઉપર જોવા મળી છે. આંજણા પાટીદાર સમાજને કોઈપણ રાજકીય પક્ષ માટે નજર અંદાજ કરવો મુશ્કેલ છે. રાજયના પૂર્વ ગૃહમંત્રી અને અમુલ ફેડરેશનના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની આગેવાની હેઠળ જિલ્લામાં યોજાયેલા અર્બુદા સેનાના સંમેલનમાં જે રીતે જોશ જોવા મળ્યો તેના કારણે ભાજપ અને કોંગ્રેસમાં હલચલ જોવા મળી જ્યારે આમ આદમી પાર્ટીએ પણ સંમેલનોની નોંધ લીધી છે. આંજણા પાટીદાર સમાજને નજર અંદાજ કરવામાં આવે તો જિલ્લાની મોડાસા, ભિલોડા, ઈડર, હિંમતનગર અને પ્રાંતિજ વિધાનસભા બેઠક ઉપર ઉલટસુલટ પરિણામો આવે તેવી ગણતરીઓ રાજકીય પંડીતો માંડી રહ્યા છે.

## અડપોદરા હાઈસ્કૂલ યુવા ઉત્સવમાં પ્રથમ વિજેતા બની...



હિંમતનગર ખાતે તાલુકા કક્ષાએ મહેન્દ્રભાઈ પી.પટેલના અધ્યક્ષ પદે યોજાયેલ યુવા ઉત્સવમાં અડપોદરાની શ્રી એન.ડી.શાહ હાઈસ્કુલની વિદ્યાર્થીની આંચલબેન બાદરસિંહ મકવાણા ગઝલ-શાયરીમાં તેમજ હર્ષિદાબેન લાલસિંહ ઝાલા દોહા-છંદ-ચોપાઈ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા બન્યા હતા. જયારે ભજન સ્પર્ધામાં આસ્થા વિનુભાઈ નાયક દ્વિતીય નંબરે અને લગ્નગીત સ્પર્ધામાં આસ્થા નાયકની ટીમે તૃતીય નંબર મેળવી હાઈસ્કૂલનું ગૌરવ વધારતા શાળા આચાર્યશ્રી સંજયભાઈ જે.પટેલ, માર્ગદર્શક શિક્ષક પ્રવિણભાઈ બ્રહ્મભટ્ટ તથા પિનલબેન પટેલ સહિત શિક્ષકગણે સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.

## અરવલ્લી : ચૂંટણી નજીક આવતા કોંગ્રેસ સમિતિની મેનીફેસ્ટો માટે બેઠક યોજાઈ




ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. કોગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણી નો મેનીફેસ્ટો બનાવવાં વિવિધ સમૂહો ના પ્રશ્નો અને રજૂઆતો લેવામાં આવે છે તે અંતર્ગત અરવલ્લી જીલ્લા ની મીટિંગ મોડાસા ખાતે યોજાઈ હતી. આ મીટિંગ માં જિલ્લા ની જરૂરિયાતની રજૂઆત સાંભળવા મા આવી હતી. જેમાં ૪૭ જેવી જરૂરિયાતને સમાવવા રજૂઆત થઈ હતી. જીલ્લા ને સિવિલ હોસ્પિટલ, અરવલ્લી યુનિવર્સિટી, દૂધ ઉત્પાદકો માટે અરવલ્લી ડેરી, અરવલ્લી બેંક, સિંચાઈ ની સુવિધા, તાલુકા મથકો એ બાયપાસ રોડ , બેરોજગારો માટે ઉદ્યોગો સહિત ની માગણી ઓ નો સમાવેશ કરવા ધારદાર રજૂઆતો થઈ હતી. હજુ પણ દરેક વિધાનસભા વાઈઝ દશ દશ બેઠકો યોજી ખેડૂતો, શ્રમિકો, વિદ્યાર્થીઓ, વેપારી ઓ, આશાવર્કર અને આંગણવાડી, એન જી ઓ સહિત ના સમૂહો ની રજૂઆતો સાંભળવા મા આવશે. આ પ્રસંગે લોકસભા પ્રભારી દિનેશભાઈ ગઢવી, લાલુભાઈ દેસાઈ, વિધાનસભા પ્રભારી અસાર અહેમદખાન, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જિલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહ, મેનીફેસ્ટો જિલ્લા કનવિનર અરુણભાઈ પટેલ, વનરાજ સિંહ રાઠોડ, બળવંતસિંહ રાઠોડ સહિત આગેવાનો એ રજૂઆતો સાંભળી હતી. કાર્યક્રમ માં ઉત્સાહભેર કાર્યકરો અને પ્રજાજનો એ રજૂઆતો કરી હતી. કાર્યક્રમ નું સંચાલન જી. આઈ. ખાલક અને આભારવિધિ કાદર અલીભાઈ સૈયદે કર્યું હતું.

## ભારતમાલા પ્રોજેક્ટમાં જમીન સંપાદનમાં ખેડુતોને ઓછા વળતરથી ખેડૂતો લાલઘૂમ

બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થઈ રહેલા ભારતમાલા પ્રોજેક્ટમાં ખેડૂતોને તેમની જમીન સંપાદનનું ઓછું વળતર મળવા સહિત અનેક સમસ્યાઓને લઈને આજે પાલનપુરમાં કાંકરેજ અને દિયોદર તાલુકાના ૨૭ ગામોના ૧૫૦૦ જેટલા ખેડૂતોએ બેનરો અને સૂત્રોચાર સાથે રેલી નીકાળી કલેક્ટરને આવેદનપત્ર આપીને રજુઆત કરી હતી અને ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમની માંગો નહિ સ્વીકારાય તો ઉગ્ર આંદોલન કરશે. પાલનપુરના હાઈવે ઉપરની કૉલેજથી ૧ કિલોમીટર પગપાળા રેલી નીકાળી મોટી સંખ્યામાં ખેડૂતો કલેક્ટર કચેરી પહોંચ્યા હતા અને કલેક્ટરને આવેદનપત્ર આપી ખેડૂતોએ તેમની જમીનનું યોગ્ય વળતર આપવાની તેમજ ભારતમાલા પ્રોજેક્ટમાં સર્વિસ રોડ આપવાની માંગ કરી હતી. આ પ્રોજેકટનો વિરોધ કરતા ખેડૂતોએ કહ્યું હતું કે આ પ્રોજેક્ટને લઈને તેમની મહામૂલી જમીન બે ટુકડાઓમાં વહેંચાઈ જતી હોવાથી તેમને મોટું નુકસાન થાય છે તો અનેક ખેડૂતો પોતાની જમીન ગુમાવી રહ્યા છે તો આ પ્રોજેક્ટના કારણે સુજલાલ સુફલામ કેનાલને નુકશાન થશે જેથી ખેડૂતોએ તંત્રને આવેદનપત્ર આપીને તેમની વિવિધ માંગો સ્વીકારવાની રજુઆત કરી હતી અને ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમની માંગો નહિ સ્વીકારાય તો આવનાર સમયમાં ખેડૂતો ઉગ્ર આંદોલન કરશે.

## ધાનેરાના ચોરા પ્રાથમિક શાળામાં રબારી લીલાભાઈ દ્વારા તિથિ ભોજન



ભગવાન શિવ ના શ્રાવણ માસ પૂર્ણ થતા અનેક સ્થળોએ કાર્યક્રમ યોજાયેલ જેમાં ચોરા ગામે પ્રાથમિક શાળામાં બાળકોને તિથિ ભોજન કરાવ્યું હતું. ચોરા ગામના આગેવાન એવા રબારી લીલાભાઈ હરજીભાઈ એ ધાર્મિક ભકત છે. જેઓએ શ્રાવણ માસ પૂર્ણ થતા બાળકોને ભોજન કરાવ્યું હતું. આશરે શાળાના ૭૦૦ બાળકો તથા આચાર્ય મણીબેન ચૌધરી સ્ટાફ ગણ ઉપરાંત ગ્રામજનોને ભોજન કરાવી ધાર્મિક ભાવના સાથે લાભ લીધો હતો.

## પાલનપુરની પરિણીતાને ત્રણ તલ્લાક આપી કાઢી મુકી

પાલનપુર વ્હોરવાસમાં રહેતા રૂબીયાબીબીના લગ્ન પરવેઝભાઈ સલીમભાઈ વ્હોરા સાથે થયા હતા. જોકે, સાસરીપક્ષના ફજીલાબીબી સલીમભાઈ વ્હોરા, ફરજાનાબીબી સલીમભાઈ વ્હોરા, સલીમભાઈ સફીભાઈ વ્હોરા અને પરવેઝભાઈ સલીમભાઈ વ્હોરાએ તું વાંઝણી છે. તેમ કહી દહેજની માંગણી કરી હતી. પતિએ ત્રણ તલ્લાક આપી ઘરમાંથી હાંકી કાઢી હતી. આ અંગે તેણીએ પાલનપુર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### સરકારી બહુમાળી ભવન પાસે રખડતા ઢોરના અડીંગા

## હિંમતનગર-મોડાસા શહેરના માર્ગો ગમાંણમાં ફેરવાયા : રખડતા ઢોરને પાંજરે પૂરવા હાઈકોર્ટની ટકોર પછી પણ કામગીરી અદ્ધરતાલ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

રખડતા ઢોર મુદ્દે હાઈકોર્ટની લાલ આંખ પછી પણ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાનું વહિવટીતંત્ર અને નગરપાલિકા સત્તાધીશો



કામગીરીમાં વામણા સાબિત થઈ રહ્યા છે. મોડાસા સરકારી બહુમાળી ભવન આગળથી પસાર થતાં સ્ટેટ હાઈવે ઉપર રખડતા ઢોરના અડીંગા જોવા મળી રહ્યા છે. હિંમતનગર-મોડાસા શહેરના અનેક માર્ગો ગમાંણમાં ફરવાતાં વાહનચાલકો અને રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યમાં રખડતા ઢોર મુદ્દે રાજ્ય સરકાર સામે રીતસરની પસ્તાળ પડી રહી છે. દરરોજ કોઈને કોઈ વિસ્તારમાં રખડતી ગાય રાહદારી અને વાહનચાલકોને હડફેટે લઈ મરણતોલ ઈજા પહોંચાડતી હોવાના બનાવ નોંધાઈ રહ્યા છે. જ્યારે રાજ્યની સર્વોચ્ચ અદાલતે પણ રખડતા ઢોર સામે લાલ આંખ કરતા સરકાર હરકતમાં આવી અને તમામ નગરપાલિકા વિસ્તારોમાં રખડતા ઢોર સામે કાર્યવાહી કરવા અને નવા ઢોરવાળા ખોલી પાંજરે પૂરવા આદેશ આપવામાં આવ્યા છે. પરંતુ હિંમતનગર અને મોડાસા નગરપાલિકાના માર્ગો ઉપર જાણે કે રખડતી ગાય છોડી મુકવાની હોડ જામી હોય તેવી સ્થિતિ જોવા મળી છે. હિંમતનગરના માનવ અવર-જવરથી ધમધમતાં સહકારી જીન, મહાવીર નગર, ખેડતસીયા રોડ તેમજ મોડાસાના મુખ્ય બજાર, માલપુર રોડ અને કલેક્ટર કચેરી ભવન આસપાસના માર્ગો ઉપર રખડતા ઢોરના અડીંગા છતાં સ્થાનિક તંત્ર મૂકપ્રેક્ષક બનીને તમાશા જોતું હોય તેવી સ્થિતિ જોવા મળી છે. સ્થાનિક નાગરિકોએ આરોપ લગાવ્યા છે કે પાલિકા તંત્ર કેટલાંક માલધારીઓથી ડરીને કામ કરી રહ્યું છે. રખડતા ઢોર હવે માર્ગો ઉપર બેસી જતાં વાહન હંકારવામાં પણ મુશ્કેલ થઈ ગયા છે. કેટલાંક રખડતાં ઢોરમાં હિંસકવૃત્તિ પણ સામે આવી છે. જેથી દ્વિચક્રી વાહનચાલકને જોઈને તેમની પાછળ દોડી રહ્યા છે.

### મહાવીર નગરમાં રખડતાં ઢોરથી વેપારીઓ પણ પરેશાન



હિંમતનગરના પોશ વિસ્તાર ગણાતા મહાવીર નગર તેમજ બળવંતપુરા વિસ્તારને જોડતા માર્ગ ઉપર ઠેર-ઠેર રખડતા ઢોરના અડીંગાના કારણે વેપારીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રખડતા ઢોરની સાથે તેમના દ્વારા કાઢવામાં આવતા ગોબરથી પણ દુર્ગંધ પ્રસરતી હોવાના આરોપ લાગ્યા છે. તેમજ પાલિકાતંત્ર રખડતા ઢોરના ત્રાસમાંથી મુક્તિ અપાવવામાં સરીઆમ નિષ્ફળ ગયાના આરોપ લાગ્યા છે.

### બોલ માડી અંબે જય જય અંબેના જયઘોષથી માર્ગો ગુંજ્યા

## સાબરકાંઠા-અરવલ્લીના માર્ગો ઉપર પદયાત્રીઓનો પ્રવાહ શરૂ

### શણગારેલા રથ સાથે પદયાત્રીઓનું અંબાજી તરફ પ્રયાણ



બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૩૦

ભાદરવી પુનમ નજીક આવી રહી છે ત્યારે માં ના ભક્તો અંબાજી તરફ પગપાળા પ્રયાણ કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મોટા ભાગના માર્ગો ઉપર પદયાત્રીઓની હાજરી દિવસે-દિવસે વધતી જાય છે. બોલ માડી અંબે, જય જય અંબેના જયઘોષ સાથે પદયાત્રીઓ અંબાજી ભણી રવાના થતાં માર્ગો ઉપર ઠેકઠેકાણે વિસામા કેન્દ્રો પણ શરૂ થવા લાગ્યા છે. દિવસે અસહ્ય ગરમીથી બચવા પદયાત્રીઓ રાત્રિ દરમ્યાન પદયાત્રા શરૂ કરી છે. જેથી રાત્રે પણ જય જય અંબે..ના જયઘોષથી માર્ગો ગુંજવા લાગ્યા છે.

જગત જનની માં અંબા પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિથી હજારો લોકોના મનોરથો પૂર્ણ થતાં દર વર્ષે ભાદરવી પૂનમે શ્રદ્ધાળુઓ પગપાળા અંબાજી જઈ માં ના દરબારમાં નતમસ્તક થઈ જતા હોય છે. ભાદરવી પુનમ નજીક આવી રહી છે ત્યારે ભારતના ખૂણે ખૂણેથી હજારો પદયાત્રીઓએ દર વર્ષની પરંપરા પ્રમાણે અંબાજી તરફ પગપાળા પ્રયાણ આદર્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પંચમહાલ અને બાલાસિનોર વિસ્તારના પદયાત્રીઓનો પ્રવાહ શરૂ થઈ ગયો છે તો બીજી તરફ આણંદ જિલ્લાના પદયાત્રીઓએ પણ જિલ્લામાં પ્રવેશ કરતાં જ બાયડ-ધનસુરા, માલપુર-મોડાસા, મોડાસા-હિંમતનગર, પ્રાંતિજ-હિંમતનગર સહિતના માર્ગો ઉપર છેલ્લા ૫ દિવસથી અંબાજી જતા પદયાત્રીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. બોલ માડી અંબે, જય જય અંબેના જયઘોષ સાથે પદયાત્રીઓ અંબાજી તરફ જરાપણ થાક્યા વિના દોટ લગાવી રહ્યા છે. જ્યારે માર્ગો ઉપર પદયાત્રીઓની સંખ્યા દિવસે-દિવસે વધતી હોવાથી સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેકઠેકાણે વિસામા કેન્દ્રો વિસામા કેન્દ્રો શરૂ કરાતાં પદયાત્રીઓને પણ રાહત થઈ છે. જિલ્લામાં અન્ય જિલ્લાઓના પદયાત્રીઓનો પ્રવાહ શરૂ થઈ જતાં પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલીંગ સઘન બનાવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે. પદયાત્રીઓમાં યુવાનો, વૃદ્ધો, વડીલોથી માંડી મહિલાઓ પણ હાથમાં મા ની લાલ ધજાઓ લઈ બોલ મારી અંબેના જયઘોષ સાથે જરાય થાક્યા વિના અંબાજી તરફ આગળ વધી રહી છે તે જોતાં માનવું પડે કે માં ના નામ માત્રમાં સમગ્ર સંસારને ચલાવવાની તાકાત છે પછી તમે એને શ્રદ્ધા કહો કે ચમત્કાર. જિલ્લામાં તમામ માર્ગો ઉપર છેલ્લા ૫ દિવસથી અંબાજી જતા પદયાત્રીઓની સંખ્યા વધી છે. માં ના શણગારેલા રથ સાથે પદયાત્રીઓ અંબાજી દૂર હૈ, જાના જરૂર હૈ ના જોમ જુસ્સા સાથે આગળ વધી રહ્યા હોવાથી જિલ્લાના માર્ગો ઉપર પદયાત્રીઓની ચહલ-પહલ જોવા મળી રહી છે.

## પાલનપુરની દીકરીને ગાંધીનગરમાં દીકરી જન્મતાં ઘરમાંથી હાંકી કાઢી.....!!

પાલનપુર તા.૩૦

ગાંધીનગરમાં દીકરી જન્મતાં પાલનપુરની પરિણીતાને ઘરમાંથી હાંકી કાઢી મુકી હતી. પાલનપુરના મોનીકાબેનના લગ્ન ગાંધીનગરમાં હાર્દિકભાઈ કિશોરભાઈ પીઠડીયા સાથે થયા હતા. જોકે, સાસરીપક્ષના ધાત્રીબેન પ્રવિણભાઈ દરજી, આશિષભાઈ પ્રવિણભાઈ દરજી, સરલાબેન પ્રવિણભાઈ દરજી, પ્રવિણભાઈ બાબુભાઈ દરજી, ઈલાબેન કિશોરભાઈ પીઠડીયા, કિશોરભાઈ ભગવાનભાઈ પીઠડીયા, હાર્દીકભાઈ કિશોરભાઈ પીઠડીયાએ એક બીજાની ચઢમણીથી દહેજની માંગણી કરી શારિરીક- માનસિક ત્રાસ ગુજાર્યો હતો. તેમજ દીકરી અવતરતાં ઘરમાંથી હાંકી કાઢી હતી. તેમજ ગર્ભપાત પણ કરાવ્યો હતો. આ અંગે તેણીએ પાલનપુર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### પ્રફુલભાઈ પટેલના જન્મદિન પ્રસંગે

## હિંમતનગરમાં ફ્રુટ વિતરણ, બિસ્કીટ વિતરણ, બાળકોને ભોજન અપાયું

### શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા : ગોપાલસિંહ રાઠોડ સહિત કાર્યકરો, શુભેચ્છકો, મિત્રો જોડાયા



બાયડ તા.૩૦

ગુજરાતના પૂર્વ ગૃહ મંત્રી અને દીવ, દાદરા નગર હવેલી અને લક્ષદીપ ના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ૬૬ માં જન્મદિન પ્રસંગે ભાજપના અગ્રણી અને એન.જી. પ્રોજેક્ટ ના ડાયરેક્ટર ગોપાલસિંહ રાઠોડ તથા ભાજપના કાર્યકરો, શુભેચ્છક, મિત્રો સહિત વિશાળ સંખ્યામાં વિવિધ સંસ્થાઓમાં જન્મદિવસની ઉજવણી કરી હતી જેમાં હિંમતનગર સ્થિત માનસિક દિવ્યાંગ બાળકોની શાળામાં કેક કાપી બાળકોને કેક, બિસ્કીટ, ફ્રુટ નું વિતરણ કરાયું હતું, સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ અને બિસ્કીટ વિતરણ કરાયું હતું જ્યારે મમતા વિકલાંગ શિશુ કેન્દ્રમાં બાળકોને કેક કાપી, બાળકોને ભોજન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે નાગરિક બેંકના ચેરમેન હિરેનભાઈ ગોર, પાલિકા પ્રમુખ યતીનબેન મોદી, પૂર્વ પ્રમુખ અનિરુદ્ધભાઈ સોરઠીયા, રાજેશભાઈ પંચાલ, ભગાભાઈ પરમાર, કલ્પિતભાઈ દવે, પ્રફુલભાઈ વ્યાસ, એડવોકેટ ગીરીશભાઈ ભાવસાર, હર્ષદભાઈ મિસ્ત્રી, શિરીષભાઈ મિસ્ત્રી, અમૃતભાઈ ઉપાધ્યાય, હંસાબેન પિત્રોડા, ભાવનાબેન પંડ્યા, જયેશભાઈ વ્યાસ, મિતેશ શાહ, પાલિકાના સવજીભાઈ ભાટી, શાળાના સંચાલક જીતુભાઈ પટેલ, મમતા શિશુ કેન્દ્રના જયંતીભાઈ પટેલ, ડો. આર.ડી. પરીખ, રાજુભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, રાજુભાઈ શર્મા, પ્રદિપસિંહ રાઠોડ, કાંતાબેન પંડ્યા, દિલીપભાઈ પટેલ, જાનકીબેન રાવલ, પ્રિયંકા સડાત, રાજેન્દ્રસિંહ પરમાર સહિત અનેક અગ્રણીઓ જોડાયા હતા આ પ્રસંગે તમામ ઉપસ્થિત અગ્રણીઓએ પ્રફુલભાઈ પટેલના ધારાસભ્ય પદ દરમિયાન હિંમતનગર શહેર તથા તાલુકાના વિકાસના કામો ને યાદ કરી જણાવેલ કે પ્રફુલભાઈએ હિંમતનગર તાલુકામાં જ નહીં ગુજરાત રાજયમાં પણ અનેક કામો સરાહનીય રીતે કર્યા છે તેમ જ પોતે કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક હોવા છતાં પણ આજે પણ અનેક કાર્યકરો, સેવાભાવી સંસ્થાઓના કામો કર્યા છે તેના અમે સાક્ષી છીએ કોરોના કાળમાં પણ ઓક્સિજન, દવાઓ સહિત જરૂરિયાત મંદ વ્યક્તિઓને અનેક હોસ્પિટલોને મદદ કરી હતી પ્રફુલભાઈ પટેલ સમયે બનાવેલ હિંમતનગર નવી સિવિલ કોરોના કાળમાં આશીર્વાદરૂપ બની હતી જે અમે બધા નોંધ લઈએ છીએ ફરીથી પ્રફુલભાઈ આપણા ગુજરાતમાં વિકાસમાં નેતૃત્વ કરે તેવી બધા સૌ આશા રાખીએ.

### વિઘ્નહર્તાના ઉત્સવમાં વરસાદ વિઘ્ન નાખે તેવી ભીતી : વોટરપ્રૂફ મંડપ ઉભા કરાયા

# જિલ્લામાં આજથી ગણેશ મહોત્સવનો પ્રારંભ: સવારે શોભાયાત્રા સાથે મૂર્તિ સ્થાપન કરાશે

### જાગૃતતા આવતાં ઈકોફ્રેન્ડલી મૂર્તિઓનો વપરાશ વધ્યો

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૩૦

વિઘ્નહર્તા, દૂંદાળા દેવ ગણપતિનો આજથી ગણેશ મહોત્સવ શરૂ થઈ રહ્યો છે ત્યારે વિઘ્નહર્તાના ઉત્સવમાં વરસાદી વિઘ્ન આવે તેવી સંભાવના જણાતાં ગણેશ ભક્તોએ શ્રીજીને વરસાદથી બચાવવા વોટરપ્રૂફ પંડાલ ઉભા કર્યા છે. આજે ગણેશ ચતુર્થીના દિવસથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વાતાવરણ ગણેશમય બની રહેશે. બાયડના ગીરીરાજ કેમ્પસમાં પંચજ્યોત પરિવાર, બાયડ ગામ પરબડી ચોક, ગાબટ રોડ, વૃન્દાવન સોસાયટી, શ્રીજી સોસાયટીમાં ભવ્ય ગણેશ મહોત્સવ સહીત અનેક ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજીત કરાયા છે. આ વર્ષે ગણેશ મહોત્સવના આયોજકોએ મોટે ભાગે માટીની મૂર્તિઓ પસંદ કરી પ્રદૂષણ અટકાવવાનો પ્રયાસ કરતાં તેની પ્રબુધ નાગરિકો અને જિલ્લા વહીવટી તંત્રએ સૂપેરે નોંધ લીધી છે.

વર્ષ દરમ્યાન આવતા ધાર્મિક ઉત્સવો માનવીને નિરસ જીવનમાં નવી તાજગી આપી જતા હોય છે. ઉત્સવોનું આગવું મહત્વ હોવાથી તેની ભવ્યતમ ઉજવણી થતી હોય છે. હિન્દુ શાસ્ત્રોમાં અનેક ધાર્મિક ઉત્સવોનું ખાસ મહત્વ આંકવામાં આવ્યું છે. ગણેશ મહોત્સવ આમતો મહારાષ્ટ્રીયનોના ઉત્સવ તરીકે ઓળખાય છે પરંતુ વિઘ્નહર્તાના ભક્તોની સંખ્યામાં એકદમ વધારો થઈ ગયો છે. જેના કારણે માંડ ગામમાં એકાદ સ્થળે ઉજવાતું ગણેશ પર્વ હવે શેરી અને મહોલ્લે..મહોલ્લે જોવા મળે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આજથી ૧૦ દિવસના ગણેશ મહોત્સવનો દ્રઢ આસ્થા અને ઉમંગ સાથે આરંભ થઈ રહ્યો છે ત્યારે



દૂંદાળા દેવને લાડુનો પ્રયાસ પ્રિય હોવાથી અનેક ગણેશ ભક્તોએ ચૂરમાના લાડુ પ્રસાદીરૂપે આપવાના નિશ્ચય કર્યો છે. સવાર-સાંજ ગણેશ મહોત્સવ સ્થળે આરતીની સાથે રાસ-ગરબાની રમઝટ જામશે જેના કારણે મીની નવરાત્રિ જેવું વાતાવરણ ઉભું થઈ જશે. જિલ્લાના અનેક વિસ્તારોમાં ભવ્યાતીભવ્ય ગણેશ મહોત્સવની ઉજવણીની તૈયારીઓ સંપન્ન થયાનું જાણવા મળ્યું છે. તા.૩૧ ઑગષ્ટ થી ૯ સપ્ટેમ્બર સુધી ભવ્ય ગણેશ મહોત્સવની ઉજવણી થવાની હોવાથી બંન્ને જિલ્લા ગણપતિમય બની રહેશે. બાયડના ગાબટ રોડ, બાયડ ગામ પરબડી ચોક, વલ્લભનગર સોસાયટી, શ્રીજી સોસાયટી ઉપરાંત ડેમાઈ, ચોઈલા, સાઠંબા, ગાબટ, આકરૂન્દ, ધનસુરા, સરડોઈ, મોડાસા, મેઘરજ, માલપુર, ટીંટોઈ, વડાગામ, તલોદ, પ્રાંતિજ, સલાલ, હિંમતનગર, જાદર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, લાંબડીયા, વિજયનગર, ચિઠોડા, ભિલોડા, શામળાજી સહિતના અનેક વિસ્તારો સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગણેશ મહોત્સવની ઉજવણી થનાર હોવાનું જાણવા મળ્યું છે. પ્રદૂષણને ધ્યાનમાં લઈ અનેક યુવક મંડળોએ ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિઓ તૈયાર કરાવી છે તેનું આકર્ષણ ખાસ કરીને બાળકોમાં વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યું છે. દરેક શુભ કાર્યોમાં વિઘ્નહર્તા ગણેશજીનું આહવાન કરાતું હોય છે અને તમામ દેવોમાં તેમને આગવું મહત્વ શાસ્ત્રોમાં પણ અપાયું છે ત્યારે આજથી શરૂ થતા ગણેશ મહોત્સવ દરમ્યાન સમગ્ર જિલ્લો ૧૦ દિવસ સુધી સંપૂર્ણ ગણેશમય બની રહેશે અને ગણેશ મહોત્સવ દરમ્યાન રાત્રે પૂજા અર્ચન તેમજ અન્ય ધાર્મિક કાર્યક્રમોમાં મોટી જનમેદની ઉમટી પડનારી હોઈ રાત્રિ દરમ્યાન પણ ગણેશ મહોત્સવ આયોજન સ્થળોએ ચૂસ્ત બંદોબસ્ત ઉભો કરાયાનું જાણવા મળેલ છે.

જન્મદિને વધામણી



પ્રકાશ બાબુભાઈ પરમાર
શ્રીનાથજી પાર્ક સોસાયટી,
બાયડ જીલ્લો અરવલ્લી